ફિનોલેક્સ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ તથા તેની CSR સંસ્થા મુકુલ માધવ ફાઉન્ડેશન દ્વારા

વડુ એમ.એન. વિદ્યાલય ખાતે સેનિટેશન અને પીવાના પાણીની સુવિધાઓથી શાળા ઇન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત બનાવાયું

વડોદરા-પાદરા , તા. ૧૭

ગ્રામિણ ગુજરાતમાં શૈક્ષણિક સુવિધાઓને મજબૂત બનાવવાના ઉદ્દેશ સાથે હાથ ધરાયેલા મહત્વપૂર્ણ **CSR** ઉપક્રમ અંતર્ગત ફિનોલેક્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ તથા તેની **CSR** સંસ્થા મુકુલ માધવ ફાઉન્ડેશન દ્વારા પાદરા તાલુકાના વડુ ગામ ખાતે આવેલ એમ.એન. વિદ્યાલયમાં નવી સ્વચ્છતા સુવિધાઓ અને સુધારેલ પીવાના પાણીના વિસ્તારનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

ધોરણ ૯ થી ૧૨ સુધીના આશરે ૬૮૦ વિદ્યાર્થીઓને શિક્ષણ આપતી એમ.એન. વિદ્યાલય પાદરા વિસ્તારમાં શૈક્ષણિક ક્ષેત્રે ઉત્તમ પરિણામો માટે જાણીતી છે. છતાં, શાળામાં પૂરતી સ્વચ્છતા અને સુરક્ષિત પીવાના પાણીની સુવિધાઓના અભાવને કારણે વિદ્યાર્થીઓને આરોગ્ય અને સ્વચ્છતા સંબંધિત મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો.

આ જરૂરીયાતને ધ્યાનમાં રાખીને **FIL-MMF** દ્વારા આ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો હતો, જેમાં છોકરાઓ અને છોકરીઓ માટે અલગ-અલગ સ્વચ્છ અને સુવિધાસભર ટોયલેટ બ્લોક્સનું નિર્માણ કરવામાં આવ્યું છે તેમજ પીવાના પાણીના વિસ્તારોનું સુધારણા અને આધુનિકીકરણ કરવામાં આવ્યું છે, જેથી સમગ્ર દિવસ દરમિયાન સ્વચ્છ અને સુરક્ષિત પાણી ઉપલબ્ધ રહી શકે.

આ પહેલથી વિદ્યાર્થીઓના આરોગ્ય, સ્વચ્છતા અને શૈક્ષણિક વાતાવરણમાં નોંધપાત્ર સુધારો થવાની અપેક્ષા છે. ખાસ કરીને વિદ્યાર્થીની ઓ માટે આ સુવિધાઓ ખૂબ જ મહત્વપૂર્ણ સાબિત થશે, જે તેમની હાજરીમાં વધારો કરવા અને અભ્યાસ ચાલુ રાખવા પ્રોત્સાહિત કરશે.

આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે એચ. પી. પરમાર, ડેપ્યુટી ડિરેક્ટર, ઈન્ડસ્ટ્રિયલ હેલ્થ એન્ડ સેફ્ટી, ગુજરાત સરકાર ઉપસ્થિત રહ્યા હતા. તેમણે પોતાના સંબોધનમાં **FIL-MMF**ના આ પ્રયાસોની પ્રશંસા કરી અને શૈક્ષણિક સંસ્થાઓમાં સ્વચ્છતાના મહત્વ પર ભાર મૂક્યો. **FIL-MMF**ના પ્રતિનિધિઓ તરીકે કલ્પેશ પરમાર, સચિન ભાટીયા તથા નિતુલ બારોટ હાજર રહ્યા હતા. ઉપરાંત શ્રી વડુ કેળવણી મંડળ ના પ્રમુખ, ઉપપ્રમુખ, સચિવ અને ટ્રસ્ટીઓ તેમજ શાળાના પ્રિન્સિપાલ, શિક્ષકો અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમ દરમિયાન વડુ કેળવણી મંડળના ટ્રસ્ટીઓએ **FIL-MMF**નો વર્ષોથી મળતો સહકાર બદલ હાર્દિક આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે અગાઉ કરાયેલા વિવિધ કાર્યો જેમ કે ઈ વોટર કૂલર સ્થાપન, વૃક્ષારોપણ અભિયાન, લર્નિંગ લિંક્સ ફાઉન્ડેશન સાથે શૈક્ષણિક વિકાસ કાર્યક્રમો તેમજ ઉત્સવો દરમિયાન પતંગ, માંજા અને રાખડીના વિતરણ જેવી પ્રવૃત્તિઓનો પણ ઉલ્લેખ કર્યો હતો.

સ્થાનિક લોકો અને શાળા સંચાલકોએ આ પ્રોજેક્ટને "અત્યંત જરૂરી અને પરિવર્તનકારી પહેલ" ગણાવી હતી, જે શાળાના ભવિષ્ય માટે દીર્ઘકાલીન ફાયદાકારક સાબિત થશે. વિદ્યાર્થીઓએ પણ નવી સુવિધાઓ માટે ખુશી અને આભાર વ્યક્ત કર્યો હતો.

આ પહેલ **FIL-MMF**ના શિક્ષણ, આરોગ્ય અને સમુદાય વિકાસ ક્ષેત્રે સતત પ્રયાસોનું પ્રતિબિંબ છે. મૂળભૂત સુવિધાઓના વિકાસ દ્વારા સંસ્થા ગ્રામિણ વિદ્યાર્થીઓ માટે વધુ સુરક્ષિત, સ્વચ્છ અને સહાયક શૈક્ષણિક વાતાવરણ સર્જવામાં મહત્વપૂર્ણ યોગદાન આપી રહી છે. આ પ્રોજેક્ટ કોર્પોરેટ અને સમુદાય વચ્ચેના સહકાર દ્વારા સ્થાયી વિકાસને પ્રોત્સાહન આપતા ઉત્તમ ઉદાહરણરૂપ સાબિત થાય છે.